સ્પે. દીવાની દાવા નં. ૩૯/૨૦૨૫

## આંક–૫ દરમ્યાન મનાઇ હુકમની અરજી હેઠળ હુકમ

(૧) આ કામે વાદી દવારા દાવા સાથે આંક–૫ ની દરમ્યાન મનાઇ હુકમની અરજી સી.પી.સી. ઓ. ૩૯ રૂ.૧,૨ અને કલમ ૧૫૧ હેઠળ કરવામાં આવેલ છે, જે મુજબ, સ્વ. પબાજી ઉર્ફે પરબતસિંહ રાયભણજી તથા હલાજી ગબાજી મોજે ભોંયણી, તા.દેત્રોજ રામપરાનાં તાલુકદાર દરજ્જે, ધરખેડ હકકથી રે. સ. ન(જૂના) ૨૩૫ (નવા) ૨૫૩, જેનું ક્ષેત્રફળ એ. ૪–૦૨ ગુઠા સયુકત હકકથી ધારણ કરતાં હતા. મતલબ કે આ સ, નં. ની ૧/૨ જમીન એ. ૨–૦૧ ગુ સ્વ. પબાજી રાયભણજી તથા આ સ.નં. ની ૧/૨ જમની એ. ૨–૦૧ ગુ સ્વ. હલાજી ગબાજીની માલિકીની હતી છે અને બંન્નેનો સ્વતંત્ર કબજો ભગોવટો હતો અને હાલમાં પણ છે. મેન્યુઅલી ગામ નમુના નં. ૭/૧૨ (૧) સને ૧૯૫૪–૫૫ થી ૧૯૬૪–૬૫, (૨) ૧૯૬૪–૬૫ થી ૧૯૭૪–૭૫, (૩) ૧૯૭૭–૭૮ થી ૧૯૮૪–૮૫, (૪) ૧૯૮૨–૮૩ થી ૧૯૯૩–૯૪, (૫) ૧૯૯૨–૯૩ થી ૨૦૦૨–૦૩ સુધી રેવન્યુ રેકર્ડ માં સ્વ. પબાજી રાયભણની, સ્વ. હલાજી ગબાજી નાં નામો નોંધ નં.૧૦૪ થી દાખલ થયાની નોંધ છે. આ ખેતીની જમીન નો કબજો ભોગવટો જુના રાજયની તાલુકાદારી ધરખેડ વ્યવસ્થા મુજબ અમારા પૂર્વજોનો અને હાલની રાજય વ્યવસ્થા મુજબ અગાઉ જણાવ્યા પ્રમાણેનાં રેવન્યુ રેકર્ડમાં ૫૦ કે તેથી વધુ વર્ષોથી અમો વાદી વંશપરાપરાથી અવિરત અને નિરંતર છે. દાવાવાળુ ખેતર વાદીના તાલુકદારી હકકનું વડીલો પાર્ઝીત વાદીના કબજાભોગવટાનું છે અને હાલમાં પણ આ દાવા હેઠળનો દસ્તાવેજ જે પ્રતિવાદી નં. ૧ તથા ૨ નાએ પ્રતિવાદી નં. ૩ નાને કરી આપેલ છે પરંતુ પ્રતિવાદી નં. ૩ નાએ દાવા હેઠળની જમીનનો દસ્તાવેજ પ્રતિવાદી નં. ૧ , ૨ પાસેથી કરાવ્યા બાદ એટલે કે તા. ૨૦/૭/૨૦૨૫ બાદ વાદીને ધમકી આપી જણાવેલ કે, તમારા હિસ્સાની રે.સ. નં. (જૂના) ૨૩૫, (નવા) ૨૫૩ ની એ. ૨–૦૧ ગુઠા જેના હે.આ.ચૌ. ૦–૭૮–૬૮ જમીન મે ખરીદ કરી લીધેલ છે અને જો હવે તમો આ જમીનમાં પગ મુકશો કે ખેતી કરશો તો તમારા વિરૂધ્ધ લેન્ડ ગ્રેબીંગની અરજી કરી તમો તમામ વારસદારોને જેલમાં પુરાવી દઇશું જેથી વાદીએ તા.૨૦/૬/૨૦૨૫ બાદ વાવેતર કરેલ નથી. આમ પ્રતિવાદી નં. ૧ થી ૩ નાંએ દાવા વાળી જમીનનો કબજો ગેરકાયદેસર રીતે ખોટા રેવન્યુ રેકર્ડ આધારે પચાવી પાડેલ છે આથી વાદીએ પણ પ્રતિવાદી નં. ૧ થી ૩ ને ચેતવણી આપેલ કે જો તમો પણ આ જમીનમાં દાખલ થઇ

ગેરકાયદેસર કબજો કરવાનો પ્રયત્ન કરશો તો તમારા વિરૂધ્ધ અમારે ફોજદારી/દીવાની કાર્યવાહી કરવી પડશે.

વાદીના ખેતરમાં મેન્યુઅલી રેકર્ડમાં ગામ નમુના નં. ૬ ની નોંધ નં. ૬ થી કબજેદાર તરીકે અંબારામ રામદાસ નામ દાખલ થયાની નોંધ છે. આ નોંધનો અભ્યાસ કરતા જણાય છે કે, રેકર્ડ ઓફ રાઇટની જોગાઇ વિરૂધ્ધ છળકપટથી રેકર્ડમાં ચેડા કરેલ છે. રજી. ગીરો દસ્તાવેજ નં.૨૪૬૬, તા.૨/૧૨/૪૮ માં લખી આપનાર તરીકે દરબાર ચેલસંગજી ધનાજી તથા વેલુજી ધનાજીએ ગીરો દસ્તાવેજ કરી આપેલ છે તેવું લખાણ છે આમ ગામ નમુના નંબરની નોંધ નં. ૬ ભોયપીના રેવન્યુ સ. નં. ૨૩૫ માં સભ્યતા તરીકે અંબારામદાસ ૧/૨ લખાણ લખેલ છે અને તે ગામ નમુના નં. ૭/૧૨, ૧૯૫૪–૫૫ થી ૧૯૬૪–૬૫ ના વર્ષના મેન્યુઅલી રેકર્ડમાં બીજા હકકમાં ગીરો દસ્તાવેજ તા.૨/૧૨/૪૮ આધારે ગીરો આપનાર ગોપાલજી ગમાજી૧/૨ તથા ચેલસંગ ધનાજી ૧/૨ એવુલ લખાણ છે તથા રજી. ગીરો દસ્તાવેજ નં.૨૪૬૬ તા.૨/૧૨/૪૮ માં લખી આપનાર તરીકે દરબાદ ચેલસંગજી ધનાજી તથા વેલુજી ધનાજીએ ગીરો દસ્તાવેજ કરી આપેલ છે તેવુ લખાણ  છે આમ રજી. દસ્તાવેજ અને મેન્યુઅલી ગામ નમુના નંબરની વિગતોમાં વિસંગતતા જોવા મળી છે. આ બાબતથી પુરવાર થાય છે કે, આ રેકર્ડમાં છળકપટ કરી અંબારામદાસને સર્વે નં.૨૩૫ માં કબજેદાર બનાવી દીધેલ છે. જયારે ગીરો આપનારની આ રેવન્યુ સર્વે નંબર જુના ૨૩૫ ની ખેતીની જમીન જો દસ્તાવેજ કરી આપનારની માલીકીની હતી નહીં. આ જમીન વાદીના વડીલ પૂર્વજ પબાજી રાયઘણજી તથા હલાજી ગમાજીની તાલુકદારી હકકના ઘરખેડ હકકની છે અને હાલમાં વાદીનો આ હકક અધીકાર કાયમ છે. ગામ નમુના નં. ૬ નોંધ નં.૧૦૪ તા.૯/૨/૫૭ ની નોંધના લખાણ મુજબ તાલુકાના સરકયુલર હુકમ નંબર પી.એ.સો નં.૫૭૨ તા.૨૫/૧/૫૬ થી આ હુકમમાં જણાવેલ સર્વે નંબરો તાલુકદારી ઘરખેડના હોવાથી તાલુકાદારના ખાતે ચડાવવા નોંધ કરી તેવુ લખાણ છે. તે નોંધમાં સર્વે નં. ૨૩૫ જે પબાજી રાયભણજી ના ખાતે ચડાવવામાં આવેલ છે અને હાલના કબજેદાર અંબારામ રામદાસ નું નામ કમી થયેલ છે. જે હાલાજી ગમાજી ના ખાતે ચડાવવામાં આવેલ છે જે મુજબ લખાણ છે. જે નોંધનો મતલબ એવો થાય કે નોંધ નં. ૬ થી ૨૩૫ પૈકી ૧/૨ ભાગમાં અંબારામ રામદાસને ૧/૨ હિસ્સો છે તે નામ કમી કરવાનો છે પરંતુ જે–તે સમયે તલાટી કમ મંત્રીએ અંબારામ દાસના મેળાપીપણાંમાં પેરા ૪ માં જણાવેલ હુકમનો સંપુર્ણ અમલ ન કરયો. પબાજી રાયભણજી તથા હલાજીગમાજીના સંયુકત નામો દાખલ કરેલ

અંબારામદાસનું નામ કમી ન કર્યુ વાદીના વડીલ પબાજી રાયભણજીનું તા. ૧૦/૫/૮૬ ના રોજ અવસાન થતા પબાજી રાયભણજી, કાંતીલાલ અંબારામભાઈના સંયુકત ખાતા નં. ૩૯૩ માં તેમના વારસદારો નં. ૧ થી ૭ નાઓ દાખલ કરવા નોંધ નં. ૩૩૩૦, તા.૧૮/૧/૨૨ ના દાખલ કરેલ તે નોંધ સામે (૧) પટેલ જગદીશભાઈ કાંતીભાઈ અંબારામભાઈ, (૨) સોલંકી રજુભા મનુભા એ મદદનીસશ કલેકટરશ્રી વિરમગામ પ્રાંતને તકરાર અરજી દાખલ કરેલ મદદનીસ કલેકટરે તકારી કેસના તારણ વિગતે વાદીના વડીલોનું નામ કાંતીલાલ અંબારામ સાથે ખોટી રીતે દાખલ થયેલ છે. તેવુ તારણ કાઢી તે રેકર્ડ ચકાસણી કરી યોગ્ય હુકમ કરવા મામલતદારશ્રી દેતરોજ–રામપરને સુચના આપી વારસાઈ નોંધ નામંજુર કરેલ. મદદનીશ કલેકટર વિરમગામના હુકમ સામે સ્વ. પબાજી ઉર્ફે પરબતસંગ રાયભણજીનાં પુત્ર બાબુભા પરબતસંગ સોલંકીએ કલેકટરશ્રીને રીવીઝન અરજી નં. ૩૯૨/૨૦૨૨ કરેલ જેની સુનવણી બાદ કલેકટરશ્રીએ વાદીની રીવીઝન અરજીની યોગ્ય સુનવણી ના કરી મદદનીશ કલેકટરશ્રી વિરમગામના હુકમને માન્ય રાખેલ.

આ કામે કાંતીલાલ અંબારામ નું તા.૧૧/૦૬/૨૦૧૮ ના રોજ અવસાન થતા તેમના વારસદારોએ કુલ ૧ થી ૯ સીધી લીટીના વારસદારો નાં નામો દાખલ થયેલા અને તેમાં કોઈએ તકરાર ઉઠાવી જે વિગતો નોંધમાં થી જાણવા મળતી નથી પરંતુ નાયબ કલેકટરશ્રી એ તેઓના તા.૩૦/૧૦/૨૦૨૪ નાં હુકમ નં. આર.ટી. એસ/તકરારી/ કેસ નં. ૩૩૮/૨૪ મુજબ વારસદારોના નામ દાખલ કરેલ અને નોંધ નં. ૩૬૮૯ તા.૯/૮/૨૦૨૪ પ્રમાણિત કરેલ ત્યારબાદ નોંધ નં.૩૮૧૫ થી કાંતીલાલ અંબારામનાં બાકીના વારસદારોએ (૧) જયંતીભાઈ કાંતીભાઈ તથા (૨) જગદીશભાઈ કાંતીભાઈની તરફેણમાં હકક ઉઠાવી લેતા તેઓ બંનેનાં નામો રેવન્યુ રેકર્ડ દાખલ થયેલ અને ત્યારબાદ આ કામનાં પ્રતિવાદી નં.(૧) જયંતીભાઈ કાંતીભાઈ એ ફકત રેવન્યુ રેકર્ડે તેઓનું નામ હોવાથી તેઓએ રૂા.૧,૯૯,૯૦૦/– પુરાનાં વેચાણ કિમતનો મુ. ભોંયણી તાલુકો દેત્રોજ–રામપરા જી. અમદાવાદ, નાં રે.સ.નં. ૨૫૩ જુના સ.નં. ૨૩૫ પૈકી હે. ૦–૭૮–૬૮ નો દસ્તાવેજ નં. ૧૮૮૬ તા.૨૦/૬/૨૦૨૫ થી આ કામનાં પ્રતિવાદી નં. ૩ મનુભા કલ્યાણસંગ સોલંકી ને કરી આપી વાદીની પૂર્વજોની વડીલોપાર્જીત તાલુકદારી હકકની ઘરખેડની પચાવી પાડી રેવન્યુ રેકર્ડ પર કાચી નોંધ નં. ૩૮૭૯ દાખલ કરાવી પ્રતિવાદી નં. ૩ નાં નામે દાખલ કરવા કાર્યવાહી કરેલ છે.

આ મનાઈ હુકમ ની અરજી કરવાનું મુખ્ય કારણ એવું છે કે, ઉપર ની વિગતે ની

ખેતીની જમીન તેઓની તાલુકદારી ઘરખેડ નાં હક્ક ની કબજા ભોગવટાની અને માલીકી હક્ક ની છે પરંતુ દાવા અરજીમાં જણાવેલ વિગતે છેતરપીંડી અને છળ કપટ કરી તેઓની મિલકત પચાવી પાડવા નો બદઈરાદો છે અને તેઓને નાણાથી ન પુરી શકાય તેવું ગંભીર નુકશાન જાય તેમ છે. દાવા સાથે રજુ રાખેલ પુરાવાથી પુરવાર થાય છે કે દાવા હેઠળ ની ખેતીની જમીન અમોની વડીલોપાર્જીત કબજા ભોગવટાની છે તેમજ,જો આ મનાઇ હુકમ મંજુર કરવામાં ન આવે તો વાદીને MULTIFICATION OF PETITION નો ભોગ બનવું પડે તેમ છે અને હાડમારી ઉભી થાય તેમ છે. સબબ આ મનાઇહુકમ ની અરજી મંજુર રાખી પ્રતિવાદી નં. ૧ તથા ૨ તથા ૩ વિરૂધ્ધનો આ દાવો ન્યાય નિર્ણય ન થાય ત્યાં સુધી પ્રતિવાદી નં.૩ નાં રજી.દસ્તાવેજ થી રેવન્યુ રેકર્ડે પાડવામાં આવેલ કાચી નોંધ નં. ૩૮૭૯ અંગે કોઇ નિર્ણય ન કરવા પ્રતિવાદી નં. ૫ પ્રાંત અધિકારી શ્રી કોઈ નિર્ણય ન કરે, અને જો પ્રતિવાદી નં.૩ ની તરફેણમાં કાચી નોંધ પ્રમાણિત થાય તો, પ્રતિવાદી નં.૩ આ દાવા હેઠળની મોજે ભોંયણી,તાલુકો દેત્રોજ રામપરા જી.અમદાવાદ ની જુના રે.સ. નં.૨૩૫ પૈકી નવા રે.સ.નં.૨૫૩, જેનુ ક્ષેત્રફળ એ.૨–૦૧ ગુ. જેના. હે. ૦–૮૧–૧૨ થાય પરંતુ રેવન્યુ રેકર્ડે ક્ષેત્રફળ હે. ૦–૭૮– ૬૮ જેનો આકાર રૂ.૪.૬૬ પૈકી વાળી ખાતા નં. ૮૬૪ થી હાલ ગામ નમુના નં.૬ નોંધ નં. ૩૮૧૫ થી ચાલે છે તે જમીન તેઓએ રજી.દસ્તાવેજ નં.૧૮૮૬/૨૦૨૫ તા.૨૦/૦૬/૨૦૨૫ થી અઘાટ વેચાણ રાખેલ છે તે કોઇ પણ પ્રકારે, વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઇ પણ ને ખાનગી વેચાણ આપે નહિ કે વેચાણ આપવાનું વચન આપી કબજો તબદિલ કરે નહિ કે કોઇ પણ રીતે કોઇને તબદીલ કરે નહી કે કરાવે નહી કે તેમાં ગેરકાયદેસર પ્રવેશ કરે કરાવે નહી તેવો પ્રતિવાદી નં. ૩ મનુભા કલ્યાણસંગ સોલંકી વિરૂધ્ધ હુકમ ફરમાવવા વિનંતી.

(૨) આ કામે પ્રતિવાદીઓને નોટીસ બજતા પ્રતિવાદી નં. ૧ અને ૨ ના જવાબનો હકક બંધ કરેલ છે અને પ્રતિવાદી નં. ૩ દવારા આંક–૧૯ થી તેમનો દાવા તથા હાલની અરજીનો જવાબ રજુ કરેલ છે જે મુજબ પ્રતિવાદી નં. ૩ ના વડવા સ્વ સોલંકી ચેલસંગ ધનાજી તથા સ્વ. સોલંકી વેલજી ધનાજીનાઓએ તેમની હયતીમાં સદર જમીન તા.૧૨/૨/૧૯૪૮ ના રોજ રજીસ્ટર ગીરો લેખ નં.૨૪૬૬ થી પ્રતિવાદી નં. ૧ તથા ૨ ના વડવા સ્વ. પટેલ અંબારામભાઇ રામદાસને ગીરો આપેલ હતી. સદર દસ્તાવેજ સ્વ. સોલંકી ચેલસંગ ધનાજી સ્વ. સોલંકી વેલજી ધનાજીનાઓના સીધી લીટીના વારસદારોએ પ્રતિવાદી નં. ૩ નાઓને કબુલાત નામુ લખી આપેલ છે. સદર કબુલાત

નામામાં જણાવ્યા મુજબ સોલંકી મનુભા કલ્યાણસંગના નામનો રજીસ્ટર દસ્તાવેજ કરી આપવા સામે કોઇ પણ જાતનો વાંધો તકરાર નથી તે અંગેનો કબુલાતનો લેખ કરી આપેલ છે. પ્રતિવાદી નં. ૧ તથા ૨ નાઓએ પ્રતિવાદી નં. ૩ નાઓને તા.૨૦/૬/૨૫ ના રોજ રજીસ્ટર દસ્તાવેજ નં. ૧૮૮૬/૨૦૨૫ થી કરી આપેલ છે. હાલના વાદીઓનો સદર મીલકતમાં કોઇ પણ રીતનો હકક અધીકાર નથી અને વાદીઓ તેમના દાવામાં જણાવે છે તેવો તેમનો કબજોભોગવટો આવેલ નથી. તેમ છતાં વાદીઓ પોતાનો નવો હકક ઉભો કરવા માટેની પેરવી કરે છે. વાદીઓના દાવાનેપક્ષકારની ખામીનો બાધ છે અને વાદીઓએ શક્ય હકીકત છુપાવી રાખી હાલનો દાવો દાખલ કરેલ છે. વાદીનો હાલના તબ્બકે વચગાળાના હુકમની દાદ આપવામાં આવે તો વાદીઓને આખરી દાદ મળી જાય તેમ હોય હાલની મનાઇ હુકમ અરજ નામંજુર કરવા જણાવે છે. વાદીઓને માંગ્યા મુજબનો મનાઇ હુકમ આપવામાં આવે તો વાદીઓ દાવાવળી મિલકતમાં તેમનો નવો હકક ઉભો કરે તેમ છે અને પ્રતિવાદી નં. ૩ નાઓને મોટું નુકશાન થાય તેમ છે જેનાથી પ્રતિવાદી નં. ૩ ને નાણામાં ન ભરપાય થઇ શકે તેવુ નુકશાન થાય તેમ છે. આમ પ્રતિવાદીઓનો લેખીત જવાબ ધ્યાને લઇ વાદીઓનો દાવો તથા મનાઇ હુકમની અરજી નામંજુર કરવા તથા દાવાથી પ્રતિવાદી નં. ૩ નાઓને થયેલ ખર્ચ વાદીઓ પાસેથી વસુલ અપાવવા હુકમ કરવા જણાવેલ છે.

(૩) આ કામે પ્રતિવાદી નં. ૪ થી ૬ તરફે હાલની દાવા તથા દરમ્યાન મનાઇ અરજી નો જવાબ આંક–૨૨ થી રજુ કરેલ છે જે મુજબ મોજે ભોયણીના જુના સર્વે નં. ૨૩૫ પૈકીમાં રીસર્વે થતા નવો સર્વે નં. ૨૫૩, ૨૪૫ થયેલ છે. સવાલવાળી જમીનમાં નોંધ નં. ૧૦૪ તા.૦૯/૦૨/૫૭ ની વિગતે તાલુકદારોની ઘરખેડની જમની હોવાથી સરકયુલર હુકમ નં. TSO નં. ૫૭૨ તા.૨૫/૦૧/૫૬ ના હુકમ મુજબ જુના સર્વે નં.૨૩૫ પૈકી ૧/૨ ભાગમાં પબાજી રાયભણજી તથા હલાજી ગમાજીનું નામ દાખલ થયેલ અને બાકીની અડધી જમીન મૂળ માલિક અંબારામ રામદાસના ખાતે રહેલ. નોંધ નં. ૭૬૪ તા.૧૫/૦૪/૭૬ ની વિગતે વહેચણીથી પ્રશ્નવાળી જમીન પૈકી એ. ૨–૦૧ ગું. માં કાંતીભાઈ અંબારામ પટેલનું નામ દાખલ થયેલ છે. સને. ૧૯૯૨–૯૩ થી ૨૦૦૩–૦૪ ની મેન્યુઅલ ૭/૧૨ માં યોગ્ય અસર આવેલ છે.ત્યારબાદ ફે.નોંધ નં. ૩૩૩૦ તા.૧૮/૦૧/૨૦૨૨ની વિગતે પબાજી રાયભણજીનું અવસાન થતા વારસદાર તરીકે અમરતબા પરબતસંગ સોલંકી વિગેરે – ૭ નામો દાખલ કરવાની નોંધ થયેલ છે. જે નોંધ તકરારી થતા મે.મદદનીશ કલેકટરશ્રી, વિરમગામ પ્રાંત, વિરમગામના હુકમ નં.

આરટીએસ/તકરારી કેસ નં. ૨૩/૨૦૨૨ થી રેકર્ડ કોમ્પ્યુટરાઇઝેશન વખતે પબાજી રાયભણજીનું નામ હલાજી તખાજીના નામ સાથે રાખવાના બદલે કાન્તીભાઇ અંબારામ સાથે રાખી દેતા કોમ્પ્યુટરાઇઝેશન વખતે ક્ષતિ થયાનું જણાય છે. આમ પબાજી રાયભણજીનું નામ સવાલવાળી જમીનમાં ખોટી રીતે દાખલ થયેલ છે. જે ક્ષતિ સુધારો કરી કમી કરવા પાત્ર છે. તથા રેકર્ડથી ચકાસણી કરી સુધારા હુકમ બાબતે નિયમોનુસાર કાર્યવાહી કરવા અત્રે જણાવેલ છે. ત્યારબાદ અત્રેના હુકમ નં.જમીન/ભોયણી/સુધારા હુકમ/એસ.આર.નં.૩૯/૨૦૨૨ તા.૩૧/૧૨/૧૨ ના હુકમથી પબાજી રાયભણજીનું નામ સર્વે નં.૨૫૩ માંથી કમી કરેલ તથા સ.વેં ન. ૨૪૫ વાળી જમીનમાં પબાજી રાયભણજીનું નામ દાખલ કરવા હુકમ કરેલ. જેની રેકર્ડ પર નોંધ નં.૩૪૬૩ થયેલ છે. આમ, જયંતિભાઈ કાન્તીભાઈ વિગેરેના રીસર્વે નં. ૨૫૩ તથા પબાજી રાયભણજીનો રીસર્વે નં. ૨૪૫ છે. જેથી પબાજી ઉર્ફે પરબતસિંહ રાયભણજીના વારસદારો એટલે કે આ કામના વાદીએ કરેલ રીસર્વે નં. ૨૫૩ માં હાલનો જે દાવો દાખલ કરેલ છે. જે દાવો મહેસુલી રેકર્ડ ધ્યાને લેતા ગ્રાહ્ય રાખવા પાત્ર નથી. જેથી રદ કરવા અરજ કરેલ છે.

(૪) આ કામે વાદી તરફે તેમના વિ.વ.શ્રી દવારા આંક-૨૪ થી હાલની અરજી અંગે લેખીત દલીલો રજુ કરેલ છે. જે મુજબ વાદીની આંક-૫ ની અરજીની હકીકતોનું સમર્થન કરેલ છે. વધુમાં જણાવ્યા મુજબ વાદીના દાવા હેઠળના રે.સ.નં. ૨૩૫ પૈકી એ. ૪-૦૨ ગું.ના ગા.ન.નં. ૬ ની મેન્યુઅલી રેકર્ડમાં નોંધ નં. ૬ થી કબજેદાર તરીકે અંબારામ રામદાસ ૧/૨ નામ દાખલ થયાની નોંધ છે. આ નોંધ પ્રમાણીત રદ નામંજુર થયાનું પુરવાર થતુ નથી. આ નોંધ આધારે આ સર્વે નં. ૧/૨ ભાગના અંબારામ રામદાસને કબજેદાર દર્શાવેલ છે. કાયદાકીય જોગવાઇ વિરૂધ્ધ છળકપથી રેકર્ડમાં ચેડા કરી અંબારામ રામદાસનું ગીરો તરીકેનું નામ દા.ન.નં. ૭/૧૨ માં બીજા હકકમાં દાખલ કરવાને બદલે જે-તે સમયે રેવન્યુ રેકર્ડ નીભાવનાર કર્મચારી, ચકાસણી કરનાર અધીકારી સાથેના મેળાપીપણાંમાં ગીરોદાર તરીકે બીજા હકકમાં નામ દાખલ કરવાને બદલે કબજેદાર માલીક બનાવી દીધેલ છે જે કાયદાની જોગવાઇ વિરૂધ્ધ છે. ગોપાલજી ગમાજી તથા ચેલસંગ ધનાજીએ કરી આપતા દસ્તાવેજનો ઉલ્લેખ છે તે દસ્તાવેજ દસ્તાવેજ કરી આપનાર તરીકે દરબાર ચેલસગ ધનાજી તથા વેલુજી ધનાજીના નામો છે આમ બન્ને પુરાવાનો અભ્યાસ કરતા બન્ને પુરાવામાં વિસંગતતા છે. અંબારામ રામદાસને ગીરો દસ્તાવેજ કરી આપેલ છે પરંતુ તે ગીરો દસ્તાવેજ કરી આપનારનો દાવા હેઠળના સર્વે નંબરમાં માલીકી હકક હોવાનો કોઇ પુરાવો નથી. ગામ નમુના નં. ૬ ની નોંધ નં.

૧૦૪ તા.૦૯/૦૨/૫૭ ની નોંધ થી નોંધના લખાણ મુજબ તાલુકાના સરકયુલર હુકમ મુજબ ટી.એસ.ઓ. નં. ૫૭૨ તા.૨૫/૦૧/૫૬ થી આ હુકમમાં જણાવેલ સર્વે નંબરો તાલુકદારોની ઘરખેડના હોવાથી તાલુકદારના ખાતે ચડાવવા નોંધ કરી તેવુ લખાણ છે. આ નોંધ ના પાના નં. ૫ પર ૭ માં નંબર પર આ નોંધ છે જે નોંધનો મતલબ એવો થાય છે કે, નોંધ નં. ૬ થી ૨૩૫ પૈકી ૧/૨ ભાગમાં અંબારામ રામદાસનો ૧/૨ હિસ્સો છે તે નામ કમી કરવાનું છે. પરંતુ જે–તે સમયે તલાટીકમ મંત્રીએ અંબારામ રામદાસના મેળાપીપણાંમાં હુકમનો સંપૂર્ણ અમલ ન કર્યે પબાજી રાયભણજી તથા હલાજી ગમાજીના સંયુકત નામો દાખલ કરેલ. અંબારામ રામદાસનું નામ કમી ન થવાથી આ સર્વે નંબરમાં ચાલુ રહે. ત્યારબાદ મેન્યુઅલી ગા.ન.નં. ૬ ની નોંધ નં. ૭૧૧ થી અંબારામ રામદાસના મરણ જવાથી વારસદરોના નામ દાખલ કરવામાં આવ્યા. તેમજ અંબારામ રામદાસના વારસદારોની નોંધથી દાવા હેઠળના સર્વે નંબરમાં દાખલ કાંતીલાલ અંબારામનું નામ દાખલ કરવામાં આવ્યુ. મહેસસુલી સત્તા અધીકારીને સીવીલ કોર્ટના અધીકારનો ઉપયોગ કરવાની હકુમત ન હોવા છતાં તેઓએ સીવીલ કોર્ટ હકુમતનો ઉપયોગ કરી પ્રતિવાદી નં. ૧ તથા ૨ ના પીતાશ્રી કાંતી અંબારામને રે.સ.નં. જુના ૨૩૫ પૈકી એ.૨–૦૧ ના સ્વતંત્ર માલીક કરી દીધા આથી આ હુકમ કાયદા વિરૂધ્ધનો છે. જે કોઇ રેવન્યુ પ્રોસીડીંગ થયા તે તમામમાં અસર કરતા પક્ષકાર હલાજી ગમાજીને કોઇ પણ તબ્બકે નોટીસ ઇશ્યુ કરી તેઓને સાંભળ્યા વગર તેમના રે.સ.નં. ૨૪૫ જે તેઓની અલગ સ્વતંત્ર ખાતે ચાલતી જમીન છે જે ઉપરના તમામ પ્રોસીડીંગમાં સમાવેસ નથી તે જમીન અંગે કુદરતી ન્યાયના સિંધ્ધાંત વિરૂધ્ધ નિર્ણય થયેલ છે. આમ દાવા હેઠળના સર્વે નંબરની ગામ નમુના નં. ૬ ની નોંધો તે પરની અપીલો રીવીઝનમાં જે–તે નિર્ણય અધીકારીઓએ પ્રતિવાદી નં. ૧ તથા ૨ સાથેના જે–તે સમયના પ્રતિવાદી નં. ૪ થી ૬ ના મેળાપીપણાંમાં હુકમ થયાનું સ્પષ્ટ થાય છે. ત્યારબાદ દાખલ થયેલ તમામ વારસદરો પૈકીના ફકત પ્રતિવાદી નં. ૧ તથા ૨ સીવાયના અન્ય વારસદરોએ હકક ઉઠાવી લેતા તે બન્ને સંયુકત માલીક બનેલ અને તેથી તેઓએ દસ્તાવેજ કરી આપેલ. વાદીઓ આ દાવો પ્રથમદર્શનીય હકક ટાઇટલ પુરવાર કરે છે અને મનાઇ હુકમ મંજુર કરવા પુરતા પુરાવા છે. વાદીઓને માગ્યા મુજબનો મનાઇ હુકમ મંજુર કરવામાં ન આવે તો વાદીઓને નાણાંથી ન પુરી શકાય તેવું નુકશાન જવાની પુરે પુરી શકયતા છે. દાવા હેઠળની જમીન અન્ય કોઇને ગીરો બક્ષીસ કે અન્ય કોઇ રીતે તબદીલ કરે તો વાદીને અસંખ્ય દાવાદુવીનો ભોગ બનવુ પડશે અને

ગંભીર નાણાંકીય થવાની શકયતા છે.

(૫) આ કામે પ્રતિવાદી નં. ૩ તરફે વિ.વ.શ્રી દવારા લેખીત દલીલ કરેલ છે જે મુજબ વાદીની મનાઇ અરજીમાં લખેલ હકીકત ખરી નથી. તેમજ વાદીઓને હાલના દાવાને પક્ષકારની ખામીનો બાધ નડતો હોઇ હાલનો દાવો આપો આપ રદ થવાને પાત્ર છે. વાદીઓએ આ દાવાના કામે રજુ કરેલ સ્ટેમ્પ અપુરતો છે. વાદીએ હાલનો દાવો સમયમર્યાદામાં દાખલ કરેલ નથી તેથી પણ વાદીઓનો હાલનો દાવો રદ થવાને પાત્ર છે. પ્રતિવાદી નં. ૩ ના વડવા નામે તેમની હયાતીમાં સદર જમીન તા.૧૨/૦૨/૧૯૪૮ ના રોજ ગીરો લેખે નં. ૨૪૬૬ થી પ્રતિવાદી નં. ૧ તથા ૨ ના વડવા નામે ગીરો આપેલી હતી અને ગીરો લેખે આધારે હકકપત્રકમાં નોંધ નં. ૬ થી પટેલ અંબારામભાઇ રામદાસનું નામ દાખલ થયેલું હતું. સદર દસ્તાવેજ સ્વ. સોલંકી ચેલસંગ ધનાજી તથા સ્વ. સોલંકી વેલુજી ધનાજી નાઓના સીધીલીટીના વારસદારોએ પ્રતિવાદી નં. ૩ નાઓને તા.૧૨/૦૬/૨૦૨૫ થી રૂા.૩૦૦/– સ્ટેમ્પ પેપર ઉપર નોટરી વકીલશ્રી થી કબુલાતનામું લખી આપેલ છે. સદર કબુલાતનામામાં જણાવ્યા મુજબ સોલંકી મનુભા કલ્યાણસંગ ના નામનો રજીસ્ટ્રર દસ્તાવેજ કરી આપવા સામે કોઇ જાતનો વાંધો તકરાર નથી. પ્રતિવાદી નં. ૧ તથા ૨ નાઓએ પ્રતિવાદી નં. ૩ નાઓને તા.૨૦/૦૬/૨૦૨૫ ના રોજ રજીસ્ટર દસ્તાવેજ નં.૧૮૮૬/૨૦૨૫ થી કરી આપેલ છે. સદર કામે વાદીઓનો દાવો એટલે કે આંક–૦૧ તથા વચગાળાની મનાઇ હુકમ મેળવવાની અરજી એટલે કે આંક–૫ ની દાદ ટેકનીકલે સરખી જણાઇ આવે છે તેથી જો વાદીનો હાલના તબકકે વચગાળાના મનાઇ હુકમની દાદ આપવામાં આવે તો વાદીઓને આખરી દાદ મળી જાય તેમ હોઇ હાલની મનાઇ અરજી નામંજુર કરવા તથા વાદીની મનાઇ અરજીની વિગતો ખરી નથી. વાદીઓને માગ્યાં મુજબનો મનાઇ હુકમ આપવામાં આવે તો વાદીઓ દાવાવાળી મીલકતમાં તેમનો નવો હકક ઉભો કરે તેમ છે જેથી અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

(૬) આ કામે વાદી દવારા તેમની દરમ્યાન મનાઇ હુકમની અરજીમાં કરેલ ઉપરોકત મુજબની રજુઆતોના સમર્થનમાં માર્ક ૩/૧ થી સુરભા બાબભા સોલંકી નાં નામનું કુલ મુખતયારનામું રજુ કરેલ છે. માર્ક ૩/૨ થી મેન્યુલી ગા.ન.નં. ૭/૧૨ ની નકલ રજુ કરેલ છે. માર્ક ૩/૩ થી મેન્યુલી ગા.ન.નં. ૭/૧૨ ની નકલ રજુ કરેલ છે. માર્ક ૩/૪ થી મેન્યુલી ગા.ન.નં. ૭/૧૨ ની નકલ રજુ કરેલ છે. માર્ક ૩/૫ થી મેન્યુલી ગા.ન.નં. ૭/૧૨ ની નકલ રજુ કરેલ છે. માર્ક ૩/૬ થી મેન્યુલી ગા.ન.નં. ૭/૧૨ ની નકલ રજુ

કરેલ છે. માર્ક ૩/૭ થી ગા.ન.નં. ૭ જુનો સ.નં. ૨૩૫ પૈકી નવો ૨૫૩ ની નકલ રજુ કરેલ છે. જેમાં કબજેદારના નામમાં પબાજી રાપભણજી તથા કાન્તીભાઇ અંબારામભાઇના નામ દર્શાવેલ છે. માર્ક ૩/૮ થી ગા.ન.નં. ૭ જુનો સ.નં. ૨૩૫ પૈકી નવો ૨૫૩ ની નકલ રજુ કરેલ છે. જેમાં કબજેદારના નામમાં જંયતીભાઇ કાન્તીભાઇ પટેલ તથા જગદીશભાઇ કાન્તીભાઇના નામ દર્શાવેલ છે. માર્ક ૩/૯ થી ગા.ન.નં. ૭ જુનો સ.નં. ૨૩૫ પૈકી નવો ૨૫૩ ની નકલ રજુ કરેલ છે. જેમાં કબજેદારના નામમાં પૃથ્વીરાજ હલાજી વિગેરે તથા પબાજી રાયભણજીના નામ દર્શાવેલ છે. માર્ક ૩/૧૦ થી ગા.ન.નં. ૬ નોંધ નં. ૬ (મેન્યુઅલી) ની નકલ રજુ કરેલ છે. માર્ક ૩/૧૧ થી ગા.ન.નં. ૬ નોંધ નં. ૧૦૪ (મેન્યુઅલી) ની નકલ રજુ કરેલ છે. માર્ક ૩/૧૨ થી ગા.ન.નં. ૬ નોંધ નં. ૭૧૧ (મેન્યુઅલી) ની નકલ રજુ કરેલ છે. માર્ક ૩/૧૩ થી ગા.ન.નં. ૬ નોંધ નં. ૭૬૪ (મેન્યુઅલી) ની નકલ રજુ કરેલ છે. માર્ક ૩/૧૪ થી ગા.ન.નં. ૬ નોંધ નં. ૩૩૩૦ (કોમ્પ્યુટરાઇઝ) ની નકલ રજુ કરેલ છે. માર્ક ૩/૧૫ થી ગા.ન.નં. ૬ નોંધ નં. ૩૪૬૩ (કોમ્પ્યુટરાઇઝ) ની નકલ રજુ કરેલ છે. માર્ક ૩/૧૬ થી ગા.ન.નં. ૬ નોંધ નં. ૩૬૮૯ (કોમ્પ્યુટરાઇઝ) ની નકલ રજુ કરેલ છે. માર્ક ૩/૧૭ થી ગા.ન.નં. ૬ નોંધ નં. ૩૭૬૩ (કોમ્પ્યુટરાઇઝ) ની નકલ રજુ કરેલ છે. માર્ક ૩/૧૮ થી ગા.ન.નં. ૬ નોંધ નં. ૩૭૯૨ (કોમ્પ્યુટરાઇઝ) ની નકલ રજુ કરેલ છે. માર્ક ૩/૧૯ થી ગા.ન.નં. ૬ નોંધ નં. ૩૮૧૫ (કોમ્પ્યુટરાઇઝ) ની નકલ રજુ કરેલ છે. માર્ક ૩/૨૦ થી ગીરો દસ્તાવેજ રજી. નં. ૨૪૬૬ ની નકલ રજુ કરેલ છે. માર્ક ૩/૨૧ થી રજી. દસ્તાવેજ નં. ૧૮૮૬ ના ઇ–ચલણની નકલ રજુ કરેલ છે માર્ક ૩/૨૨ મદદનીશ કલેકટર, વિરમગામ પ્રાંત નો આર.ટી.એસ./તકરારી/ કેસ નં. ૨૩/૨૦૨૨ નો હુકમની નકલ રજુ કરેલ છે. માર્ક ૩/૨૩ થી જીલ્લા કલેકટર, અમદાવાદ નો એલ.બી.અપીલ નં. ૩૯૨/૨૦૨૨ ની નકલ રજુ કરેલ છે. માર્ક ૩/૨૪ થી ગા.ન.નં. ૬ નોંધ નં. ૧૦૯૦ (મેન્યુલી) ની નકલ રજુ કરેલ છે. માર્ક ૩/૨૫ થી ગા.ન.નં. ૬ નોંધ નં. ૩૮૭૯ (કોમ્પ્યુટરાઇઝ) ની કાચી નોંધ રજુ કરેલ છે. માર્ક ૩/૨૬ થી તકરારી અરજી કાચી નોંધ નં. ૩૮૭૯ સામે ની નકલ રજુ કરેલ છે. માર્ક ૩/૨૭ થી આર.આર.ટી./તકરારી એ.એમ.ડી./૨૬૮/૨૦૨૫ ની નોટીસની નકલ રજુ કરેલ છે.

પ્રતિવાદી નં. ૩ તરફે આંક–૨૧ સાથે રેવન્યુ રેકર્ડના ગામના નામુના નં. ૭/૧૨ તથા હકકપત્રક નોંધની નકલ દાવાવાળી જમીન સંદર્ભે રજુ કરેલ છે.

(૭) દરમ્યાન મનાઇ હુકમની દાદ ડીસ્ક્રીએસન પ્રકારની છે તે સંજોગોમાં સદરહુ સત્તા વાપરતી વખતે કોર્ટ દવારા ખુબ જ કેર, સાવધાની અને કેસના તમામ સંજોગો ધ્યાને લઇને વાપરવી જોઇએ બીજા શબ્દોમાં આવી વીવેકાધીન સત્તા સાઉન્ડ જયુડીસીયલ પ્રીન્સીપલ પર વાપરવી જોઇએ. આવી સત્તા વાપરતી વખતે પાર્ટીઝની કન્ડકટ પણ ધ્યાને લેવી જોઇએ. દરમ્યાન મનાઇ હુકમ માટે પ્રસ્થાપીત સીધ્ધાંત મુજબ પ્રથમ

દર્શનીય કેસ બેલેન્સ ઓફ કન્વીનીઅન્સ અને ઈરીપેરેબલ લોસ ત્રણેય તત્વો સંતોષાવા આવશ્યક છે.

(૮) વાદીનુ પ્લીડીંગ ધ્યાને લેતા વાદીએ તેની હાલની અરજીમાં જણાવ્યા મુજબ દાવાવાળી જમીન તેના માલીકી તથા કબજા હેઠળની છે તે પ્રથમદર્શનીય બતાવવુ પડે તેટલુજ નહીં વાદીની કન્ડકટ અને તે કન્ડકટ સંદર્ભે વાદીને તાત્કાલીક લોસમાંથી અટકાવવા તાત્કાલીક મનાઇ હુકમની જરૂર પડતા તાત્કાલીક મનાઇ હુકમ માંગેલ છે તેવુ પણ બતાવવુ પડે તેમજ સગવડતાની સમતુલા તેની તરફેણમાં છે તેવુ પણ બતાવવુ પડે. વાદીએ રજુ કરેલા દસ્તાવેજી આધારો ધ્યાને લેતા તેમજ પ્રતિવાદી તરફેના દસ્તાવેજી આધારો ધ્યાને લેતા રેવન્યુ રેકર્ડ મુજબ સર્વે નં. ૨૩૫ નો નવો સર્વે નં. ૨૫૩ પડેલ છે. જે જમીન તા.૦૨/૧૨/૧૯૪૮ ના ગીરો દસ્તાવેજ આધારે અંબારામ રામદાસનું નામ દાખલ થયેલ. જે જમીન પૈકી અડધી જમીન એકર ૨-૦૧ ગુઠા જમીન ગીરો અપાયેલ પરંતુ જે તે સમયે આખો સર્વે નંબર હકકપત્રક રેકર્ડે દર્શાવેલ જેથી બાકીની જમીન સર્વે નં. ૨૩૫ પૈકી અડધી જમીન અંબારામ રામદાસના ખાતે ફરી દાખલ થવી જોઇએ જે અંગે ક્ષતી સુધારણા બાદ નોંધ નં. ૧૦૪ થી સુધારો થયેલ પરંતુ ત્યારબાદ કોમ્પ્યુટરાઇઝ રેકર્ડમાં પબાજી રાયભણજીનુ નામ કોમ્પ્યુટરાઈઝેસન થતી વખતે દાખલ થયેલ જે ક્ષતી સુધારી વારસાઇ નોંધ દાખલ થયેલ તે યોગ્ય ન હોય નોંધ નં. ૩૩૩૦ ડેપ્યુટી કલેકટરશ્રી દવારા તા.૨૯/૦૪/૨૨ ના હુકમથી નામંજુર થયેલ. સદરહુ હુકમને કલેકટરશ્રી દવારા એલ.બી. અપીલ નં. ૩૯૨/૨૨ ના હુકમ દવારા કાયમ રખાયેલ છે. જે અંગે રેવન્યુ રેકર્ડમાં તકરાર ચાલુમાં છે. વાદીની તકરાર મુજબ જુના સર્વે નં. ૨૩૫ માં અંબારામ રામદાસનું નામ કમી કરી વાદીનું નામ રાખવાનું હતુ તેમ છતાં અંબારામ રામદાસનું નામ તથા તેમના વારસદારોનું નામ ખોટી રીતે ચાલ્યુ આવે છે. વાદીએ રજુ કરેલ ગામના નમુના નં. ૭/૧૨ ધ્યાને લેતા ગામના નમુના નં. ૭/૧૨ માં માર્ક ૩/૩, માર્ક ૩/૪ ધ્યાને લેતા સને ૧૯૬૫-૬૬ થી ૧૯૮૪-૮૫ સુધીના ૭/૧૨ માં કબજેદાર તરીકે અંબારામ તથા ત્યારબાદ તેમના વારસદાર કાન્તીભાઇનું નામ સહ કબજેદાર તરીકે દર્શાવેલ છે. તે ઉપરાંત પબાજી રાયભણજી અને હલાજી ગામાજીનું નામ સહ હિસ્સેદાર તરીકે દર્શાવેલ છે. વધુમાં માર્ક ૩/૭ મુજબ ગામના નમુના નં. ૭ માં કબજેદાર તરીકે ૨૩૫ પૈકી નવો સર્વે નં. ૨૫૩ વાળી જમીનમાં પબાજી રાયભણજી સાથે કાન્તીભાઇ અંબારામભાઇનું નામ દર્શાવેલ છે. વધુમાં માર્ક ૩/૮ મુજબ ગામના નમુના નં. ૭ માં કબજેદાર તરીકે ૨૩૫ પૈકી નવો સર્વે નં. ૨૫૩ જમીન હે.આરે.ચો.મી.

૦–૭૮–૬૮ વાળી જમીનમાં પબાજી રાયભણજી સાથે કાન્તીભાઇ અંબારામભાઇનું નામ દર્શાવેલ છે. તે જ રીતે માર્ક ૩/૯ માં ૨૩૫ પૈકી નવા સર્વે નં. ૨૪૫ જમીન હે.આરે.ચો.મી. ૦–૮૧–૧૨ માં પબાજી રાયભણજી, પૃથ્વીરાજ હાલાજી તથા અન્ય સહહિસ્સેદારોના નામ દર્શાવેલ છે.

પરંતુ માર્ક ૩/૧૫ નોંધ નં. ૩૪૬૩ ધ્યાને લેતા સીમ સર્વે નં. ૨૫૩ વાળી જમીન માંથી પબાજી રાયભણજીનુ નામ કમી કરી સર્વે નં. ૨૪૫ વાળી જમીનમાં દાખલ કરવા મામલતદારશ્રીના હુકમ મુજબ સુધારો કરેલ છે. વાદી દવારા રજુ કરેલ દસ્તાવેજી આધારો ધ્યાને લેતા તેમજ આ કામે રજુ રેવન્યુ રેકર્ડ તથા મામલતદારશ્રીનો હુકમ, મદદનીશ કલેકટરશ્રીનો હુકમ તથા કલેકટરશ્રીના હુકમ ધ્યાને લેતા જુના સર્વે નં. ૨૩૫ વાળી જમીનનો અડધો હિસ્સો જે ખરેખર ગીરો દસ્તાવેજ તા.૦૨/૧૨/૪૮ ની નજરે તેમજ જે–તે સમયના રેવન્યુ રેકર્ડ મુજબ અડધી જમીન જ ગીરો આપેલ હોય બાકીની અડધી જમીન અંબારામ રામદાસના નામે બાકી રહેલ છે, જે નોંધ નં. ૧૦૪ થી સુધારો થઇ ગયેલ છે અને હાલના વાદીનું નામ ભુલ થી ૭/૧૨ માં ચડેલ છે. તે સંદર્ભે રેવન્યુ રેકર્ડ ધ્યાને લેતા સદરહુ બાકી રહેલ અડધી જમીન અંબારામના વારસદારો કાન્તીભાઇ તથા ત્યારબાદ કાન્તીભાઇના વારસદારો દવારા નોંધ નં. ૩૬૮૯ થી સર્વે નં. ૨૫૩ વાળી જમીનમાં વારસાઇની નોંધ કરેલ છે. ત્યારબાદ નોંધ નં. ૩૮૧૫ થી કાન્તીભાઇના અન્ય વારસદારોએ હકક જતો કરતા સર્વે નં. ૨૫૩ તથા અન્ય જમીન જંયતીભાઇ કાન્તીભાઇ અને જગદીશભાઇ કાન્તીભાઇના નામે દાખલ થયેલ છે. ત્યારબાદ રજી. દસ્તાવેજ નં. ૧૮૮૬ થી તા.૨૦/૦૬/૨૫ થી જંયતીભાઇ કાન્તીભાઇ તથા જગદીશભાઇ કાન્તીભાઇ દવારા સદરહુ સર્વે નં. ૨૫૩ વાળી જમીન પ્રતિવાદી નં. ૩ ને વેચાણ અપાયેલ છે તેવુ માર્ક ૩/૨૧ વાળા રજી. દસ્તાવેજથી જણાય આવે છે. તે સંજોગોમાં ઉપર જણાવ્યુ તે મુજબ નવા સર્વે નં. ૨૫૩ ના વાદીના માલીકી હકક હેઠળ કઇ રીતે આવેલ તે અંગેના ૭/૧૨માં નામ સીવાય માલીકી દર્શાવતા સ્પષ્ટ દસ્તાવેજી આધારોની ગેરહાજરીમાં તેમજ પ્રતિવાદી નં. ૧ અને ૨ ના તરફેણનું રેવન્યુ રેકર્ડ તથા પ્રતિવાદી નં. ૩ ના તરફેણના રજી. દસ્તાવેજ નજરે પ્રતિવાદી નં. ૩ ઉત્તરોતર રેવન્યુ રેકર્ડ આધારે પરચેઝર જણાતા હોય, રજી. દસ્તાવેજથી માલીકી હકક ધરાવતા માલીક વિરૂધ્ધ દરમ્યાન મનાઇ હુકમ આપવા જેટલો વાદીનો પ્રથમદર્શનીય કેસ હાલના તબકકે જણાતો નથી. તે સંજોગોમાં નામદારશ્રી ગુજરાત હાઇકોર્ટના ચુકાદા **RUKHIBEN AMARSINGH CHATURBHAI PARMAR V/S**

**KIRITKUMAR KANTILAL PATEL Date of Decision: 03 September 1997 Citation: 1997 LawSuit(Guj) 401** માં પેરા–૩ માં કરેલ અવલોકન મુજબ રજીસ્ટર્ડ વહેચાણ દસ્તાવેજથી ખરા જમીન માલીક હકક ધરાવનાર વ્યકતી વિરૂધ્ધ દરમ્યાન મનાઈ હુકમ આપી શકાય નહી. જે કરાયેલ અવલોકનો ધ્યાને લેતા, વાદી એ રજુ કરેલ ચુકાદો નામદારશ્રી પટના હાઈકોર્ટ ચંદરદેવ યાદવ વિ. સ્ટેટ ઓફ બીહાર વિ. માં કરેલ અવલોકન કે કોઈપણ પક્ષકારને સાંભળ્યા સીવાય નેચરલ જસ્ટીસ વિરુધ્ધ હુકમ કરી શકાય નહી તે અવલોકન હાલની અરજીમાં દરમ્યાન મનાઈ હુકમ મેળવવા વાદીને મદદરૂપ થતા નથી. તેમજ ઉપર અગાઉ જણાવ્યા મુજબ વાદીનો પ્રથમદર્શનીય કેસ જણાતો ન હોય તેમજ સને ૨૦૨૨ માં વાદીનું નામ સર્વે નં. ૨૫૩ માંથી કમી કરવાનો રેવન્યુ અધીકારી દવારા હુકમ થયેલ હોવા છતાં તેમજ તે સંદર્ભે વાદી રેવન્યુ રેકર્ડમાં થયેલ ફેરફારો અંગે રેવન્યુ કચેરીમાં તકરારમાં ભાગ લીધેલ હોવા છતાં સને ૨૦૨૨ થી સને ૨૦૨૫ સુધી દરમ્યાન મનાઈ હુકમ વીના સરવાઈવ કરેલ છે. જે વાદીની કન્ડકટ ધ્યાને લેતા તેમજ ઉપર અગાઉ જણાવ્યા મુજબ વાદીનો પ્રથમદર્શનીય કેસ જણાતો ન હોય રજી. દસ્તાવેજથી માલીકી હકક ધારણ કરનાર વ્યકતી વિરૂધ્ધ હાલના તબકકે દરમ્યાન મનાઈ હુકમ આપવો વ્યાજબી જણાતો ન હોય ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

<u>**//હુકમ//**</u>

– વાદીની દરમ્યાન મનાઈ હુકમની આંક–૫ ની અરજી આથી નામંજુર યાની રદ કરવામાં આવે છે.

– અરજીની હકીકતો ધ્યાને લેતા ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

આજરોજ તા. ૨૨ મી જુલાઈ ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી હુકમ જાહેર કર્યો.

મુ. વિરમગામ

તારીખ:૨૨/૦૭/૨૦૨૬

(ધનંજય જગદિશચંદ્ર વ્યાસ)
એડીશ્નલ સીનીયર સીવીલ જજ,
વિરમગામ

**GJ 01263**